# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૮૦ કેસ નોંધાયા

**મૃત્યુ એકપણ નહીં, રાજ્યનો રિકવરી રેટ ૯૮.૮૩% : ગુજરાતમાં આજે સાંજે પાંચ કલાક સુધીમાં ૩૯૪૩૮ હજાર કોરોનાની રસીના ડોઝ આપવામાં આવ્યા હતા**

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં શુક્રવાર કરતા આજે કોરોના સંક્રમણના નવા કેસમાં ઘટાડો થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૫૮૦ કેસ નોંધાયા છે. રાહતની વાત છે કે આ દરમિયાન કોઈપણ વ્યક્તિનું મૃત્યું થયું નથી. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૩૯૧ લોકો સાજા થયા છે. રાજ્યમાં અત્યાર સુધી કોરોનાને લીધે ૧૦૮૪૭ લોકોના મોત થયા છે. તો કોરોનાની સારવાર બાદ ૧૨ લાખ ૧૮ હજાર ૮૧૭ લોકો સાજા થયા છે. રાજ્યમાં નવા કેસ બાદ કુલ કેસનો આંકડો ૧૨ લાખ ૩૩ હજાર ૨૪૨ પર પહોંચી ગયો છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૨૨૯ કેસ સામે આવ્યા છે. તો સુરત શહેરમાં ૮૯, વડોદરા શહેરમાં ૩૩, મહેસાણામાં ૨૯, વલસાડમાં ૨૩, ગાંધીનગર શહેરમાં ૨૦, કચ્છમાં ૧૯, નવસારી ૧૯, સુરત ગ્રામ્ય ૧૯, ભાવનગર શહેર ૧૧, ગાંધીનગર ગ્રામ્ય ૧૧, જામનગર શહેર ૧૧, પાટણ ૮, અમદાવાદ ગ્રામ્ય ૭, મોરબી ૭, રાજકોટ શહેર ૭, બનાસકાંઠા, સાબરકાંઠા ૬-૬, આણંદ, ખેડા, સુરેન્દ્રનગરમાં ૪-૪, અમરેલી, ભરૂચ અને નડોદરા ગ્રામ્યમાં ૩-૩, અરવલ્લી, પોરબંદરમાં બે-બે, ભાવનગર, ગીર સોમનાથ અને રાજકોટ ગ્રામ્યમાં એક-એક કેસ સામે આવ્યો છે.

ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસ ૩૪૭૮ છે, જેમાં ત્રણ દર્દી વેન્ટીલેટર પર છે. રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૧૨ લાખ ૧૮ હજાર ૮૧૭ લોકો સાજા થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૮.૮૩ ટકા છે.

ગુજરાતમાં આજે સાંજે પાંચ કલાક સુધીમાં ૩૯૪૩૮ હજાર રસીના ડોઝ આપવામાં આવ્યા છે. ગુજરાતમાં અત્યાર સુધી કોરોના વેક્સીનના કુલ ૧૧ કરોડ, ૧૫ લાખ ૨૦ હજાર ૩૩૪ ડોઝ આપવામાં આવ્યા છે. જેમાં પ્રથમ, બીજો અને પ્રિકોશન ડોઝનો સમાવેશ થાય છે.

# આવતીકાલે મોદી ગાંધીનગર પધારશે

**મહાત્મા મંદિર ખાતે યોજાનાર ડિજિટલ ઇન્ડિયા સપ્તાહ ૨૦૨૨નું કરશે ઉદ્‌ઘાટન : ડિજિટલ ઈન્ડિયા ભાષીની લોન્ચ કરશે જે ભારતીય ભાષાઓમાં ઈન્ટરનેટ અને ડિજિટલ સેવાઓની સરળ એક્સેસને સક્ષમ કરશે**

અમદાવાદ, તા.૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૪ જુલાઈએ ગુજરાતની ટૂંકી મુલાકાત લેવાના છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૪ જુલાઈએ એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે ગુજરાત આવવાના છે. પીએમ મોદી માત્ર ત્રણ કલાક માટે ગુજરાતમાં આવશે. અમદાવાદ એરપોર્ટથી પીએમ મોદી સીધા રાજભવન પહોંચશે. ત્યારબાદ મહાત્મા મંદિર ખાતે આયોજીત ડિજિટલ ભારત સપ્તાહની શરૂઆત કરાવશે.

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ૪ જુલાઈથી ડિજિટલ ભારત સપ્તાહ કાર્યક્રમની શરૂઆત થવાની છે. આ કાર્યક્રમની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરાવશે. ડિજિટલ ઈન્ડિયા વીક ૨૦૨૨નું ઉદ્‌ઘાટન પીએમ મોદી કરશે. જેની થીમ 'નવા ભારતની ટેકનોલોજીનું ઉત્પ્રેરક' કરવું છે. કાર્યક્રમ દરમિયાન તે ટેક્નોલોજીની પહોંચ વધારવા, જીવનને સરળ બનાવવા માટે સેવા વિતરણને વ્યવસ્થિત કરવા અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી ડિજિટલ પહેલ શરૂ કરશે.

પ્રધાનમંત્રી ડિજિટલ ઈન્ડિયા ભાષીની લોન્ચ કરશે જે ભારતીય ભાષાઓમાં ઈન્ટરનેટ અને ડિજિટલ સેવાઓની સરળ ઍક્સેસને સક્ષમ કરશે, જેમાં વૉઈસ-આધારિત ઍક્સેસનો સમાવેશ થાય છે અને ભારતીય ભાષાઓમાં સામગ્રીના નિર્માણમાં મદદ મળશે. ભારતીય ભાષાઓ માટે AI આધારિત ભાષા ટેક્નોલોજી સોલ્યુશન્સ બનાવવામાં મુખ્ય હસ્તક્ષેપ બહુભાષી ડેટાસેટ્સનું નિર્માણ હશે. ડિજિટલ ઈન્ડિયા ભાશિની ભાષાદાન નામની ક્રાઉડસોર્સિંગ પહેલ દ્વારા આ



ડેટાસેટ્સનું નિર્માણ કરવા માટે વ્યાપક નાગરિક જોડાણને સક્ષમ બનાવશે. પ્રધાનમંત્રી 'ડિજિટલ ઈન્ડિયા જીનેસિસ' (ઈનોવેટિવ સ્ટાર્ટઅપ માટે જનરલ નેક્સ્ટ સપોર્ટ) - એક રાષ્ટ્રીય ડીપ-ટેક સ્ટાર્ટઅપ પ્લેટફોર્મ, જે ભારતના ટિયર-II અને ટિયર-III શહેરોમાં સફળ સ્ટાર્ટઅપ્સને શોધવા, સમર્થન આપવા, વૃદ્ધિ કરવા અને બનાવવા માટે લોન્ચ કરશે. આ યોજના માટે કુલ ૭૫૦ કરોડના ખર્ચની પરિકલ્પના કરવામાં આવી છે. પ્રધાનમંત્રી 'Indiastack. global' પણ લોન્ચ કરશે - આધાર, UPI, ડિજીલોકર, Cowin વેક્સિનેશન પ્લેટફોર્મ, ગવર્નમેન્ટ ઈ માર્કેટપ્લેસ (GeM), DIKSHA પ્લેટફોર્મ અને આયુષ્માન ભારત ડિજિટલ હેલ્થ મિશન જેવા ઈન્ડિયા સ્ટેક હેઠળ અમલમાં મૂકાયેલા મુખ્ય પ્રોજેક્ટ્સનું વૈશ્વિક ભંડાર છે. ગ્લોબલ પબ્લિક ડિજિટલ ગૂડ્ઝ રિપોઝીટરીને ભારતની આ ઓફર વસ્તીના ધોરણે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન પ્રોજેક્ટ્સનું નિર્માણ કરવામાં ભારતને અગ્રેસર તરીકે સ્થાન આપવામાં મદદ કરશે અને આવા ટેક્નોલોજી સોલ્યુશન્સ શોધી રહેલા અન્ય દેશો માટે ખૂબ મદદરૂપ સાબિત થશે.

# રાજ્યભરમાં સાત હજાર સીસીટીવી સ્થાપિત કરાયા

**વિશ્વાસ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો પૂર્ણ : અત્યાર સુધી ૬૨૦૦થી વધુ ગુનો ઉકેલાયા, ૭ કરોડની રકમ રિકવર થઇ અને ૯૫૦થી વધુ લોકોની ધરપકડ**





ગાંધીનગર, તા.૨

ટ્રાફિક મેનેજમેન્ટ અને સલામતી માટે ૨૦૨૦માં રાજ્યભરમાં સીસીટીવી સ્થાપિત કરવાના વિશ્વાસ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાની શરૂઆત થઈ હતી તારીખ ૧-૫-૨૦૨૨ના રોજ ૭ હજાર સીસીટીવી સ્થાપિત કરવાનો પ્રથમ તબક્કો પૂર્ણ કરી લેવામાં આવ્યો છે. હવે સરકાર તેના બીજા તબક્કાની તૈયારી કરી રહી છે જેમાં તેનો વ્યાપ નાના શહેરોમાં વિસ્તરિત કરવામા આવશે. બીજા તબક્કામાં ટિયર -૩ શ્રેણીના ૫૧ શહેરોમાં ૧૦ હજારથી વધુ સીસીટીવી સ્થાપિત કરવામા આવશે. તેના માટે ટેન્ડરિંગ સહિતની પ્રક્રિયાઓ શરૂ કરવામા આવી છે અને ૨૦૨૩ના અંત સુધીમાં આ કામગીરી પૂર્ણ કરી દેવામા આવશે.

૨૦૧૩-૧૪માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોની સલામતી અને ટ્રાફિક નિયમન માટે રાજ્યવ્યાપી સીસીટીવી કેમેરા આધારિત વ્યવસ્થા ઉભી કરવાનું વિઝન રજૂ કર્યું હતું. તેના આધારે મોટા શહેરોમાં પાયલટ પ્રોજેક્ટની સફળતા બાદ વિશ્વાસ પ્રોજેક્ટ શરૂ થયો હતો, જે રાજ્યના ૩૪ જિલ્લા હેડક્વાર્ટર, ૪૧ શહેરો અને ૬ આધ્યાત્મિક સ્થળો (સોમનાથ, દ્વારકા, પાલિતાણા, અંબાજી, પાવાગઢ અને ડાકોર) તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં શરૂ કરવામા આવ્યો હતો.

વિશ્વાસ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય જાહેર સ્થળોની સલામતી, ટ્રાફિક નિયમન અને નિયંત્રણ, ઘટના બાદનું વીડિયો ફોરેન્સિક અને તપાસ તેમજ રોડ સલામતી અને શહેરી ગતિશીલતાનો છે. સીસીટીવીના દ્રષ્યોનું મોનિટરીંગ જિલ્લા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ કેન્દ્રમાં થાય છે જેને 'નેત્રમ' કહેવામા આવે છે.

# રાજ્યમાં આગામી પાંચ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

**સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાતા વરસાદે ગતિ પકડી : દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી અને વલસાડમાં ભારે જ્યારે સુરત અને નવસારીમાં અતિભાર વરસાદ પડશે**

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં વરસાદી માહોલ વચ્ચે સાયક્લોનિક સર્ક્યુલેશનને પગલે હવામાન વિભાગ દ્વારા આગામી ૫ દિવસ માટે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી અને વલસાડમાં ભારે જ્યારે સુરત અને નવસારીમાં અતિભારે વરસાદ પડી શકે છે. ઉપરાંત ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને બનાસકાંઠામાં ભારે વરસાદની શક્યતા છે. તેમજ પોરબંદર, અમરેલી, જુનાગઢ, દ્વારકા, ગીર સોમનાથમાં પણ ભારે વરસાદ વરસી શકે છે.

શુક્રવાર બાદ શનિવારે પણ અમદાવાદ અને ગાંધીનગરમાં સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે બપોર પછી અનેક વિસ્તારોમાં પવન સાથે વરસાદી ઝાપટું પડતા શહેરીજનોને બફારા અને અસહ્ય ગરમી વચ્ચે રાહત મળી છે. હવામાન વિભાગની આગાહીને પગલે અમદાવાદ અને ગાંધીનગરમાં પણ આગામી દિવસોમાં વરસાદ પડવાની સંભાવના છે.

હવામાન વિભાગની આગાહીને પગલે શનિવારે જૂનાગઢ જિલ્લામાં વહેલી સવારથી મેઘરાજાની પધરામણી થઈ અને હજી પણ અનરાધાર વરસાદ પડી રહ્યો છે, જેમાં માણાવદરમાં ત્રણેક કલાકમાં ૪ ઈંચ, વંથલીમાં ૩ ઈંચ અને જૂનાગઢ શહેર-પંથકમાં ૨ ઈંચ વરસાદ પડતાં ઠેર-ઠેર પાણી ભરાયા હતા.

# છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૭૬ તાલુકામાં વરસાદ નોંધાયો

**૧૪ તાલુકામાં ચાર ઇંચ કરતા વધુ વરસાદ : કચ્છમાં છેલ્લા ૨૪ કલાકમાં ૦.૬૦ એમ.એમ. સરેરાશ વરસાદ પડ્યો છે**

અમદાવાદ,તા.૨

રાજ્યમાં સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો હતો. સરકારી આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૭૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે આઠ ઈંચ વરસાદ સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં પડ્યો હતો. શનિવારે સવારે છ વાગ્યે પૂરા થતાં ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૪ તાલુકામાં ચાર ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. રાજ્યમાં ૭૧ તાલુકા એવા છે જ્યાં એક ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. ૩૯ તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં બે ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. રાજ્યમાં હજુ એવા બે તાલુકા છે જ્યાં વરસાદ નોંધાયો નથી. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૩૩ જિલ્લામાં વરસાદ નોંધાયો છે. આ સાથે જ રાજ્યમાં સિઝનનો કુલ ૧૨.૦૩ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં સુરતના પલસાણામાં ૨૦૯ એમ.એમ, બનાસકાંઠાના દિયોદરમાં ૧૯૦ એમ.એમ., નવસારીના ખેરગામમાં ૧૪૪ એમ.એમ., સુરતના બારડોલીમાં ૧૨૫ એમ.એમ., ડીસામાં ૧૨૦ એમ.એમ., અમીરગઢમાં ૧૨૦ એમ.એમ., ઓલપાડમાં ૧૧૮ એમ.એમ., તાપીના ડોલવણમાં ૧૧૮ એમ.એમ., સુરતના ચૌર્યાસીમાં ૧૧૭ એમ.એમ., લોધિકામાં ૧૧૫ એમ.એમ., વલસાડમાં ૧૧૨ એમ.એમ., પારડીમાં ૧૦૮ એમ.એમ., નવસારીમાં ૧૦૧ એમ.એમ. અને વાપીમાં ૧૦૦ એમ.એમ. વરસાદ પડ્યો હતો. ઝોન પ્રમાણે પડેલા વરસાદની વાત કરીએ તો કચ્છમાં છેલ્લા ૨૪ કલાકમાં ૦.૬૦ એમ.એમ. સરેરાશ વરસાદ પડ્યો છે. અહીં સિઝનનો ૪.૧૬ ટકા વરસાદ પડ્યો છે. ઉત્તર ગુજરાતમાં ૨૪ કલાકમાં ૨૯.૭૧ એમ.એમ. સરેરાશ વરસાદ પડ્યો છે. અહીં સિઝનનો ૮.૩૧ ટકા વરસાદ પડ્યો છે.

પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૨૪ કલાકમાં ૪.૦૯ એમ.એમ. વરસાદ પડ્યો છે. અહીં સિઝનનો ૯.૦૪ ટકા વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્રમાં ૨૪ કલાકમાં ૧૭.૮૯ એમ.એમ. વરસાદ પડ્યો છે. અહીં સિઝનનો કુલ ૧૨.૯૬ ટકા વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતમાં ૨૪ કલાકમાં સરેરાશ ૫૧.૭૪ ટકા વરસાદ પડ્યો છે. અહીં સિઝનનો કુલ ૧૫.૨૪ ટકા વરસાદ પડ્યો છે. રાજ્યમાં અત્યારસુધી સરેરાશ ૧૦૨.૨૯ એમ.એમ. વરસાદ પડ્યો છે.

# તીસ્તા-શ્રીકુમારને ૧૪ દિવસની જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલાયા

અમદાવાદ, તા.૨

SITએ તીસ્તા સેતલવાડ અને આરબી શ્રીકુમારના રિમાન્ડ પુર્ણ થતાં કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચે આરબી શ્રીકુમાર અને તીસ્તાના વધુ રિમાન્ડ માંગ્યા ન હતા. તેથી તીસ્તા સેતલવાડ અને શ્રીકુમારને ૧૪ દિવસની જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલાયા છે. તીસ્તા સેતલવાડે કોર્ટમાં રજુઆત કરી કે, સાત દિવસમાં માત્ર સાતથી આઠ કલાક મારી પૂછપરછ કરવામાં આવી. તપાસમાં ઘણો સમય બગડ્યો. મારી પાછળ સાતથી આઠ પોલીસ કર્મીને બેસાડી રાખી માનસિક હેરાન કરવામાં આવી.

એસઆઈટીએ તીસ્તા સેતલવાડ અને આરબી શ્રી કુમારને કોર્ટમાં રજુ કર્યા હતા. તેમના રિમાન્ડ પુર્ણ થતાં કોર્ટમાં આજે રજૂ કરવામાં આવ્યા હતા. આરબી શ્રીકુમારે ૧૬૪ હેઠળ નિવેદન નોંધાવાની રજુઆત કરી હતી.

જોકે, કોર્ટે આરબી શ્રી કુમારની અરજી સ્વીકારી ન હતી. તિસ્તા સેતલવાડે કોર્ટમાં કરી રજુઆત કરી હતી કે, સાત દિવસમાં માત્ર સાતથી આઠ કલાક જ મારી પુછપરછ કરવામાં આવી હતી. તપાસમાં મારો ઘણો સમય બગડ્યો હતો.



જાણીતી લેખિકા અને ન્યૂમરોલોજિસ્ટ શ્રીમતી સંગીતા શુક્લ દ્વારા પ્રકાશિત "ગુજરાતી શીખો" પુસ્તકનું વિમોચન જૈન મુનિ ગણી રાજેન્દ્ર વિજય એ કર્યું હતું તે પ્રસંગની તસ્વીર માં ગુજરાત સરકાર ના દિલ્હી ખાતે ના નિવાસી આયુક્ત શ્રીમતી આરતી કંવર અને સંયુક્ત માહિતી નિયામક નિલેશ શુક્લ પણ નજરે પડે છે

## ૧૦ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરના અડાલજમાંથી ૩ કેસ મળ્યા છે. કલોલ તાલુકાના રાંચરડામાંથી બે કેસ ઉપરાંત જાસપુર તેમજ ઓખા ગામેથી કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રએ ૩૩૦૦ જેટલા લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

## જર્જરિત મકાનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાઉન્સીલરોની ટીમ ઈન્દોર મનપાની મુલાકાતે જશે અને ત્યાં ચાલતી સફાઈની કામગીરીનો અભ્યાસ કરી મનપાને પોતાનો અહેવાલ આપશે. આ પછી મનપા આંતરિક સફાઈ અંગેનું ટેન્ડર જારી કરશે.

આજની બેઠકમાં વહીવટીય નિર્ણયો વધુ લેવાયા હોવાનું તેમણે જણાવ્યુ હતુ. આજની બેઠકમાં ભરતીના નિયમોમાં સુધારો કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

## નવી ટીપી સ્કીમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ માટે ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ તૈયાર થાય તેને પણ આખરી મંજુરી અર્થે સરકારને મોકલી દેવાશે. આ ઉપરાંત ગુડા કક્ષાએથી તૈયાર થયેલા નકશા મુજબ સંબંધિત વાંધા સુચનો પણ માંગવામાં આવશે. જો કે ગુડા દ્વારા આ ત્રણેય ટી પી વિસ્તારમાં શહેરની જેમ સઘળી સુવિધા ઉભી કરવા માટે આયોજન કરવામાં આવશે જેને અનુલક્ષીને હાલ પ્રારંભિક તબક્કે રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં આ વિસ્તારમાં પણ પાણી, ગટર, રસ્તા સ્ટ્રીટ લાઇટ, વિજળી, આવાસો, વાણિજય સંકુલો, કોમ્યુનિટી હોલ, પાર્કીંગ બગીચા સહીતની સઘળી જાહેર સુવિધાઓ પણ નાગરિકોને ઉપલબ્ધ થશે.

## ગટર લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે. જયારે આ કામગીરી માટે પણ રૂ ૧૧.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત રાયસણ અને કોબાને સમાવતી ટી પી સ્કીમ નં -૧ કોબા કુડાસણ અને રાયસણને સમાવતી ટી પી સ્કીમ નં ૨ કોબા કુડાસણને સમાવતી ટી પી સ્કીમ નં ૩ કુડાસણ ધોળાકુવા અને સરગાસણ ની ટી પી સ્કીમ નં ૬ તેમજ સરગાસણ, કુડાસણ અને પોર વિસ્તારને સમાવતા ટી પી સ્કીમ નં -૧૭ વિસ્તારમાં ગુડાને કપાતમાં મળેલા પ્લોટસમાં નવા ૬ બગીચા વિકસાવા માટે પણ અંદાજિત રૂ ૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ અંગે પણ બોર્ડ બેઠકમાં મહત્વનો નિર્ણય લેવાયો હતો.

## હત્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યક્તિઓ મુદસ્સીર અહેમદ અને ૨૫ વર્ષીય શાહરૂખ પઠાણની ધરપકડ કરવામાં આવી હતી.

તેઓની પૂછપરછ દરમિયાન વધુ ચાર લોકોની સંડોવણી બહાર આવી હતી. જેમાંથી ત્રણ એટલે કે અબ્દુલ તૌફિક (૨૪), શોએબ ખાન (૨૨) અને અતીબ રાશિદ (૨૨)ની ૨૫ જૂને ધરપકડ કરવામાં આવી હતી. આ સિવાય શમીમ અહેમદ ફરાર છે. આ ઘટના ૨૧ જૂનના રોજ રાત્રે ૧૦:૦૦થી ૧૦:૩૦ની વચ્ચે બની હતી જ્યારે ઉમેશ કોલ્હે પોતાની દુકાન અમિત મેડિકલ સ્ટોર બંધ કરીને ઘરે જઈ રહ્યા હતા. સંકેતે પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે, મોટરસાઈકલ પર સવાર બે વ્યક્તિ અચાનક મારા પિતાની સ્કૂટી સામે આવી ગયા. તેમણે મારા પિતાની બાઈક રોકી અને તેમાંથી એકે તેમની ગર્દનમાં ડાબી બાજુ છરીથી વાર કર્યો હતો. મારા પિતા પડી ગયા અને લોહી વહેવા લાગ્યું. મેં મારું સ્કૂટર રોક્યું અને મદદ માટે બૂમો પાડી. અન્ય એક વ્યક્તિ આવ્યો અને ત્રણેય મોટરસાયકલ પર ઘટના સ્થળેથી ભાગી ગયા. આસપાસના લોકોની મદદથી કોલ્હેને નજીકની એક્સોન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો જ્યાં તેનું મૃત્યુ થઈ ગયું હતું.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, કોલ્હેએ વોટ્સેપ પર નૂપુર શર્માના સમર્થનમાં એક સોશિયલ મીડિયા પોસ્ટ કરી હતી. ભૂલથી તેમણે મુસ્લિમ સભ્યો સાથેના ગ્રૂપ પર મેસેજ પોસ્ટ કરી દીધો હતો જે તેના ગ્રાહક પણ હતા. ધરપકડ કરાયેલા એક આરોપીએ કહ્યું કે તે પયગંબરનું અપમાન છે અને તેથી તેને મરવું જોઈએ.

પોલીસે છરી, મોબાઈલ ફોન, વાહન અને ગુનામાં વપરાયેલ કપડા જપ્ત કર્યા છે અને ઘટના સ્થળેથી સીસીટીવી ફૂટેજ મેળવ્યા છે. એ પણ જણાવ્યું કે અમે જપ્ત કરાયેલા ઈલેક્ટ્રોનિક સાધનો ડીએફએસએલને મોકલી દીધા છે અને ટેકનિકલ પુરાવાની તપાસ ચાલી રહી છે. ધરપકડ કરાયેલા તમામ આરોપીઓ અને તેમના પરિવારના સભ્યોના બેંક ખાતા પ્રાપ્ત કરવામાં આવ્યા છે અને તપાસ ચાલુ છે.

## ગેરહાજરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાણકારો આ વાત માનવા તૈયાર નથી. હૈદરાબાદમાં મળી રહેલી ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં ફડણવીસ સામેલ નથી થવાના. આ અંગે તેમના નજીકના સૂત્રો દાવો કરી રહ્યા છે કે, વિધાનસભાનું ખાસ સત્ર પણ આ ગાળામાં જ મળવાનું હોવાથી ફડણવીસ હૈદરાબાદ જઈ શકે તેમ નથી, તેમજ આ અંગે પક્ષની રાષ્ટ્રીય નેતાગીરી સાથે વાત કરીને તેમને મહારાષ્ટ્રની સ્થિતિથી વાકેફ કર્યા છે. મહારાષ્ટ્રની રાજનીતિમાં જે અનપેક્ષિત ઉલટફેર આવ્યો છે તેની પાછળ ફડણવીસનું ભેજું હોવાની ચર્ચા છે. શિવસેનામાં થયેલા બળવામાં ફડણવીસે ચાવીરુપ ભૂમિકા ભજવી હોવાનું મનાઈ રહ્યું છે. ઉદ્ધવ ઠાકરેએ રાજીનામું આપ્યું ત્યારે ફડણવીસ નવા સીએમ હશે તે નિશ્ચિત મનાઈ રહ્યું હતું, પરંતુ ફડણવીસે પોતે જ જ્યારે જાહેરાત કરી કે એકનાથ શિંદે નવા સીએમ હશે ત્યારે મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય સર્જાયું હતું.

## પ્રસંગસર

● અનુસંધાન ચોથાનું ચાલુ...

૬૩.૧૭%નો વધારો જોવા મળ્યો છે અને કુલ આવકમાં ૭૦.૧૮% ની વૃદ્ધિ જોવા મળી છે. મુસાફરને વાઈફાઈ, ઈન્ટરનેટની સગવડતા માટે રાજ્યના જુદા જુદા ૯૫ સ્ટેશન પર GSUAN(GTPL), BSNL, GSRTC(GTPL) ઈન્ટરનેટ જોડાણની પણ વ્યવસ્થા કરવા આવી છે.

● બસની સ્થિતિ અને લોકેશન જાણવા GPS સિસ્ટમથી સજ્જ બસો સગવડતા પૂરી પાડે છે. આવાનારા સમયમાં નાગરિકોને વધુને વધુ સેવાઓ ડિજિટલ સ્વરૂપે મળતી થાય તે માટે રાજ્ય સરકાર સઘન પ્રયાસો હાથ ધરી રહી છે. જેના પરિણામે નાગરિકોને વધુ સરળતા પ્રાપ્ત થશે.

ડિજિટલ ગુજરાત થકી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત તમામ ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને વાહન વ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીના માર્ગદર્શનમાં આગવી પહેલ કરીને નાગરિકોને આરટીઓ કચેરીઓના ધક્કા ન ખાવા પડે અને અન્ય પર નિર્ભર ન રહેવું પડે તે માટે વિવિધ ડિજિટલ સેવાઓ થકી પારદર્શી અને પેપરલેસ ગવર્નન્સનું ગુજરાતે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વાહન વ્યવહાર કચેરીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી તમામ સેવાઓ પૈકી અંદાજે ૮૦ ટકા સેવાઓ ઓનલાઈન ફેસલેસ પૂરી પાડવામાં આવશે. જેથી આરટીઓ કચેરી ખાતેની સેવાઓ માટે નાગરિકોની રૂબરૂ મુલાકાતમાં ૫૦ ટકા જેટલો ઘટાડો થશે, જેથી સમય-સંસાધનોની બચત થશે તથા સેવાઓ ઝડપથી અને સરળતાથી મળી રહેશે.

ભારતમાં સૌ પ્રથમ વાહન વ્યવહાર ક્ષેત્રે ફેસલેસ સેવાઓની શરૂઆત ગુજરાત રાજ્યમાં કરવામાં આવી છે. ગુજરાતમાં હાલમાં ?વાહન વ્યવહાર ક્ષેત્રે મહત્વની કુલ ૭ સેવાઓ નાગરિકો માટે ઘરે બેઠા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. રાજ્યની વાહન વ્યવહાર કચેરી દ્વારા વર્ષ ૨૦૧૭થી વેબ આધારિત સૉફ્ટવેર વાહન ૪.૦ અને સારથી ૪.૦ જેવા ઓનલાઈન પોર્ટલનું અમલીકરણ કરીને નાગરિકોને ઘરેબેઠાં જ દસ્તાવેજો અપલોડ કરવાની અને ઓનલાઈન ફી ભરવા સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. જેમાં, વાહન ૪.૦ પોર્ટલ મારફતે ઈ-એન.ઓ.સી., ઈ-પેમેન્ટ, ઈ-ઓકશન અને ઈ-ડેટા થકી વાહનનો નોંધણી નંબર, ફી, એપ્રુવલ, ઓનલાઇન અરજીનું સ્ટેટસ તેમજ તેની જીસ્જી દ્વારા જાણ જેવી સુવિધાઓ નાગરિકોને મળી રહી છે. જ્યારે સારથી ૪.૦ની મદદથી ડ્રાઈવીંગ લાયસન્સ મેળવવાની પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બની છે. ડિજિટલ ઈન્ડિયા પહેલ અંતર્ગત આ પોર્ટલ મારફતે આરટીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની જુદી જુદી ફી-ટેક્સ ઓનલાઇન ભરી શકાય છે. ગુજરાતમાં લાયસન્સ સંબંધિત વધુ ૧૨ સેવાઓ અને વાહન સંબંધિત ૮ સેવાઓ આધાર ઈ-દ્વરૂઝ થકી ફેસલેસ સેવાઓ પૂરી પાડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જેમાં અરજદાર દ્વારા રજૂ કરેલ આધાર નંબરને આધીન ઓનલાઈન ફી અને દસ્તાવેજો અપલોડ કરી અરજી સબમિટ થયેથી આરટીઓના ફેસલેસ કાઉન્ટર પરથી અરજદારને સીધી સેવા પુરી પાડવામાં આવશે. જેથી અરજદારને કચેરી ખાતે આવવાનું રહેશે નહી. કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા એન્ફોર્સમેન્ટ માટે 'One Nation One Challan' અંતર્ગત ઈ-ચલણ સોફટવેર તૈયાર કરવામાં આવ્યું છે. આ સોફ્ટવેર કેન્દ્ર સરકારના વાહન તથા સારથી સોફ્ટવેર સાથે ઈન્ટીગ્રેશન થયેલ હોવાથી રાજ્યની કોઇપણ આરટીઓ કચેરીમાં નોંધાયેલ વાહન અને લાયસન્સ સંબંધિ માહિતી જાણી શકાય છે. અગાઉ મેમો મેન્યુઅલ ધોરણે આપવામાં આવતો હતો તે હવે Point of Sale (POS) મશીન દ્વારા ઓનલાઇન ઈસ્યુ કરવામાં આવે છે અને સ્થળ પર જ માંડવાળની રકમ પણ ઓનલાઇન જ સ્વીકારવામાં આવે છે.

આ ઉપરાંત, IT બેઝ્ડ સોલ્યુશન થકી દેશમાં સૌપ્રથમ આંતરરાજ્ય બોર્ડર પરથી ગુજરાતમાં પ્રવેશતા વાહનોમાં વાહનોનો ઓનલાઇન ટેક્સ અને ઓવરડાયમેન્શન ફી સ્વીકારવાની કામગીરી શરૂ કરવામાં આવી છે જેનાથી Ease of Doing Businessમાં વૃદ્ધિ-ટ્રાન્સપોર્ટ સેક્ટરને વધુ ગતિ મળી છે અને આંતરરાજ્ય વાહનો કોઇપણ અડચણ વિના રાજ્યમાં મુસાફરી કરી શકે છે. સમગ્ર દેશમાં સૌ પ્રથમ ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક સુવિધા ગુજરાત રાજ્યમાં શરૂ કરવામાં આવી છે. કોમ્પ્યુટરાઈઝ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકથી ડ્રાઈવિંગની ગુણવત્તામાં સુધારો તેમજ માર્ગ અકસ્માતમાં પણ ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં અગાઉ શિખાઉ લાયસન્સ આર.ટી.ઓ. કચેરી ખાતેથી ઈસ્યુ કરવામાં આવતા હતા. પરંતુ નાગરિકોને ઘરઆંગણે સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી શિખાઉ લાયસન્સની કામગીરી વર્ષ ૨૦૧૯થી રાજયભરની ૨૨૧ આઈ.ટી.આઈ. તથા ૧૦ પોલીટેકનીક કક્ષાએથી શરૂ કરવામાં આવી છે. જેના પરિણામે વર્ષે અંદાજે ૮ લાખ લોકોને તાલુકા કક્ષાએ જ સરળતાથી શિખાઉ લાયસન્સની સેવાનો લાભ મળી રહ્યો છે. વધુમાં, વાહનના નંબરની હરાજીની આવક પણ મહત્વની હોવાથી આ કામગીરી ઈ-ઓકશન પદ્ધતિથી કરવામાં આવે છે, જેનાથી વાહન ચાલકોને પોતાના મનપસંદ નંબર મળવા સહિતની કામગીરીમાં વધુ ઝડપ અને પારદર્શકતા આવી છે.